# નમુનો–એ

| એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ધારી–અમરેલી. | |
|---|---|
| **GJAM030001252025** | **ફોજદારી કેસ નંબર:–૮૫/૨૦૨૫**<br><br>**આંક–૨૭**<br><br>રજુ તારીખ ૩૦ ૦૧ ૨૦૨૫<br>દાખલ તારીખ ૩૦ ૦૧ ૨૦૨૫<br>ફેસલ તારીખ ૨૦ ૦૩ ૨૦૨૬<br>૦૧ વર્ષ ૦૧ મહીના ૨૧ દિવસ |
| **એફ.આઇ.આર નંબર** | **ધારી પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૧૮૨૪૦૪૬૧/૨૦૨૫,**<br>**તારીખ:– ૧૫/૧૦/૨૦૨૫** |
| **ફરિયાદપક્ષ** | ગુજરાત રાજ્ય<br><br>(મુળ ફરિયાદી સોનલબેન નિતિનભાઇ મકવાણા ) |
| **ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી** | બી.કે.ચૌધરી |
| **આરોપી પક્ષ** | (૧) નિતિનભાઇ મુકેશભાઇ મકવાણા<br>(૨) શારદાબેન મુકેશભાઇ મકવાણા<br>(૩) બિપિનભાઇ મુકેશભાઇ મકવાણા<br>તમામ રહે:– મોટા ચારોડીયા, તાલુકો:– ગારીયાધાર, જીલ્લો:– ભાવનગર<br>હાલ રહે: -અમરોલી રિલાયન્સ સોસાયટી, છાપરભાઠા, તાલુકો અને જીલ્લો:– સુરત |
| **આરોપીપક્ષે વિદ્વાન વકીલશ્રીઓ** | આર.એન.જોષી |

# નમુનો–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | :– ૧૫/૦૮/૨૦૨૦ થી ૧૫/૦૪/૨૦૨૪ દરમ્યાન કોઈપણ સમયે |
| ફરિયાદની તારીખ | :– ૧૫/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | :– ૩૦/૦૧/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | :– ૧૯/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરુ થયા તારીખ | :– ૦૫/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવામાં આવેલી તારીખ | :– ૨૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :– ૨૦/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ થયો છે. |
| વિશેષ નોંધ | : |

## આરોપીઓની વિગત

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીનમુક્ત કર્યા તારીખ | તહોમત | નિર્દોષ/ દોષિત | કરવા માં આવેલી સજા | સુનાવણી દરમ્યાન સાંજનો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિતિનભાઇ મુકેશભાઇ મકવાણા | – | – | ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૧૪ | | | |
| ૨ | શારદાબેન મુકેશભાઇ મકવાણા | – | – | ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૩ | બિપિનભાઇ મુકેશભાઇ મકવાણા | – | – | ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | – | – |

# નમુનો–સી

ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ કોર્ટ સાહેદોની યાદી

(૧) ફરિયાદપક્ષના સાહેદો: –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| ૧ | સોનલબેન નિતિનભાઇ મકવાણા | આંક–૨૧ | ફરિયાદી |

(૨) બચાવ પક્ષના સાહેદો: –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| કોઇ સાહેદને તપાસવા માંગતા નથી કે આરોપી પોતે સોગંદ પર જુબાની આપવા માંગતા નથી. | | | |

(૩) અદાલતના સાહેદ : –

| ક્રમ | સાહેદનુ નામ | આંક | પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ |
|---|---|---|---|
| કોઇ નથી | | | |

ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ કોર્ટના દસ્તાવેજી પુરાવાઓ ની યાદી

(૧) ફરિયાદપક્ષના દાસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ ની ખરી નકલ | આંક–૨૨ |

(૨) બચાવ પક્ષના દસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઇ દસ્તાવેજ રજુ કર્યા નથી. | |

(૩) અદાલતના દસ્તાવેજી પુરાવા: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઇ નહી | |

(૪) ભૌતિક પુરાવાઓ: –

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| | કોઇ નહી | |

## ૧) ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત: –

આ કેસ ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબના ગુના બદલ આરોપીઓ (૧) નિતિનભાઇ મુકેશભાઇ મકવાણા, (૨) શારદાબેન મુકેશભાઇ મકવાણા અને (૩) બિપિનભાઇ મુકેશભાઇ મકવાણા, તમામ મુળ રહે:– મોટા ચારોડીયા, તાલુકો:– ગારીયાધાર, જીલ્લો:– ભાવનગર હાલ રહે: – રિલાયન્સ સોસાયટી, અમરોલી, છાપરાભાઠા, સુરત, તાલુકો અને જીલ્લો:– સુરત વિરુદ્ધ નોંધવામાં આવ્યો છે.

ફરિયાદપક્ષની ટુંક હકીકત એવી છે કે ફરિયાદીના પ્રથમ લગ્ન બાલાપુર, તાલુકો:– બગસરા, જીલ્લો:– અમરેલી મુકામે થયા હતા. તે લગ્નજીવનમાં પતિ–પત્ની વચ્ચે મનમેળ ન રહેતા છુટાછેડા થયા હતા. ત્યારબાદ ફરિયાદીના બીજા લગ્ન આ કામના આરોપી સાથે થયા હતા. ફરિયાદી લગ્ન બાદ સાસરીમા સુરત મુકામે પતિ નિતિનભાઇ, સાસુ શારદાબેન, નણંદ હેત્તલબેન અને દિયર બિપિનભાઇ સાથે સંયુકત કુટુંબમા રહેતા હતા. આ લગ્ન જીવન થી સંતાનમા એક દીકરીનો જીયાનો જન્મ થયો છે. ફરિયાદ મુજબ તેણીના લગ્ન જીવન બાદ ૨ વર્ષ સુધી સારી રીતે રાખ્યા હતા બાદમા ફરિયાદીને પેરાલીસીસ થતા બિમાર પડ્યા હતા જેથી ફરિયાદી વધુ કામ કરી શકતા ન હતા. આ કારણોસર ફરિયાદી ને તેમના પતિ નિતિનભાઇ, સાસુ શારદાબેન અને દિયર બિપિનભાઇ હેરાન પરેશાન કરવા લાગ્યા હતા. ફરિયાદીને તેણીના સાસુ શારદાબેન કરિયાવર બાબતે તેમજ ફરિયાદીના બીજા લગ્ન બાબતે કહેતા હતા. ફરિયાદ મુજબ ફરિયાદીના સાસુ એવુ કહેતા હતા કે તેણી લગ્ન કરીને આવી ત્યાર થી માંદી જ પડી રહે છે. ફરિયાદ મુજબ ફરિયાદી વધુ બિમાર પડે તો પણ તેણીને દવાખાને લઇ જતા ન હતા અને માવતરે મોકલી દેતા હતા. ફરિયાદી માવતરે હોય ત્યારે પણ ફરિયાદી ફરીથી સાજા ન થાય ત્યા સુધી આરોપીઓ ખબર કાઢવા માટે આવતા ન હતા અને જ્યારે સાજા થઇ ગયા ની ખબર પડે ત્યારે તેડી જતા હતાદ. આરોપીઓ, ફરિયાદીને વધુ હેરાન પરેશાન કરતા હોવાથી ફરિયાદી એ ફિનાઇલ પીધુ હતુ જેથી આરોપીઓ એ ફરિયાદીને પ્રાઇવેટ હોસ્પીટલમા દાખલ કરાવ્યા હતા અને ત્યારબાદ ધારી જતા રહેવાનુ કહ્યુ હતુ. પરંતુ ફરિયાદી ધારી ગયા ન હતા. ફરિયાદ મુજબ

ફરિયાદી ફરીથી બિમાર પડતા ફરિયાદી એ તેમના પતિ અને સાસુને એવુ કહ્યુ હતુ કે તેણીને દવાખાને લઈ જાય તેમ છતા તેઓ દવાખાને લઈ ગયા ન હતા અને જેમ ફાવે તેમ ગાળો આપી હતી તેમજ ઝાપટ મારી દીધી હતી. ફરિયાદીને તેણીના પતિ એ ધારીની બસમા બેસાડી દીધા હતા અને કહ્યુ હતુ કે અહી પાછી આવીશ તો તને જાનથી મારી નાખીશ. આમ ફરિયાદીને તેણી ની સાસરીમાથી કાઢી મુકયા હતા. આ બાબતે ફરિયાદી એ તેણીના માતા–પિતાને વાતચીત કરી હતી. આ કામે સમાધાન પ્રયાસો કરવા છતા આરોપીઓ માનતા ન હોવાથી હાલની ફરિયાદ દાખલ કરી હતી.

**૨) પોલીસ રૂબરૂની કાર્યવાહી: –**

આ ફરિયાદના આધારે ધારી પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર સેકન્ડ ૧૧૧૯૩૦૧૮૨૪૦૪૬૧/૨૦૨, તારીખ ૧૫/૧૦/૨૦૨૪ થી આરોપીઓ વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબનો ગુનો નોંધ્યો હતો.

આ ગુનાની તપાસમાં, તપાસ કરનાર અધિકારીને તેમની તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા ઉપરોક્ત કલમ મુજબના ગુનાઓ બદલ ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કર્યુ છે.

**૩) અદાલત સમક્ષની કાર્યવાહી: –**

આ ગુનાની ચાર્જશીટના આધારે, અદાલતે ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૧૯૦(૧)(બી) મુજબ ગુનાનુ સંજ્ઞાન લીધુ હતુ. આ કેસમાં આરોપીઓ તેમના વિદ્વાન વકીલ શ્રી સાથે હાજર થયા છે. આરોપીઓને ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૨૦૭

મુજબ પોલીસ પેપર્સ ની નકલ વિના મુલ્યે પુરી પાડી આંક–૧૩ થી તહોમતનામું ઘડી, આંક–૧૪ થી આંક–૧૬ વડે આરોપીઓના નિવેદન લીધા છે. જેમાં આરોપીઓએ ગુનો કર્યો હોવાનો ઈન્કાર કર્યો છે. તેથી આ કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવ્યો છે.

૪) **ફરિયાદપક્ષનો પુરાવો: –**

આ કેસમાં ફરિયાદપક્ષે આ ચુકાદામાં પેજ–૩ થી ૪ ઉપર દર્શાવેલા **નમુના–સી** માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. તે સિવાય અન્ય કોઈ પુરાવા રજુ કર્યા નથી. આ કામે વિદ્વાન એ.પી.પી શ્રી વધુ કોઈ સાહેદો તપાસવા માંગતા ન હોવાથી અને વધુ સાહેદો તપાસવાથી પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેમ ન હોવાનુ જણાતા ફરિયાદપક્ષે આ કામે પુરાવો પુરો થયા અંગેની પુરશીશ રજુ કરી છે. તે પુરશીશ આંક–૨૩ થી રેકર્ડ મા સામેલ કરી છે.

૫) **આરોપીનુ વિશેષ નિવેદન: –**

આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા પછી આરોપીઓ અદાલત સમક્ષ સોગંદ પર જુબાની આપવા માંગતા હોય, કોઈ સાહેદો ને તપાસવા માંગતા હોય કે કોઈ વિશેષ હકીકત જણાવવા માંગતા હોય તો તે માટે તક આપી હતી. પરંતુ આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી એ આરોપીઓ અદાલત સમક્ષ સોગંદ પર જુબાની આપવા માંગતા હોવાની તેમજ કોઈ સાહેદો ને તપાસવા માંગતા ન હોવાની રજુઆત કરી હતી. તે પુરશીશ રેકર્ડમાં આંક–૨૬ થી દાખલ છે.

૬) **મુદ્દાઓ**

અ) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે આ કામના ફરિયાદીને પેરાલીસીસ નો એટક આવ્યા બાદ ફરિયાદી વધુ કામ કરી શક્તા ન હોવાથી તે બાબતે, કરિયાવર બાબતે તેમજ

ફરિયાદી બિમાર પડતા હોવાથી તે બાબતે આરોપીઓ એ ફરિયાદીને મહેણા ટોણા મારીને શારિરીક માનસિક દુખત્રાસ આપ્યો હતો તેમજ ફરિયાદી બિમાર પડતા સારવાર માટે ન લઇ જઇને, ગાળો આપીને, ઝાપટો મારી તેમજ ફરિયાદીને તેણીના પિયરે મોકલી દેવા ધારીની બસમા બેસાડી દઇ અને જો ફરિયાદી પરત સાસરે આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપીને તેમજ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ને ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક),૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબનો કર્યો છે?

બ) શું હુકમ છે?

**મુદ્દાઓ પરનો નિર્ણય**

અ) નકારમાં

બ) આખરી હુકમ મુજબ

૭ **મુદ્દાઓ પરનો નિર્ણય**

ફરિયાદપક્ષે આ કેસની સાબિતી માટે સૌપ્રથમ ફરિયાદીને તપાસ્યા છે. ફરિયાદી એ અદાલત સમક્ષ સોગંદ પર આપેલી જુબાની આંક–૨૧ થી રેકર્ડ મા સામેલ છે. ફરિયાદી અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે આરોપી નંબર–૧ નિતિનભાઇ સાથેના ફરિયાદીના લગ્ન ફરિયાદીના બીજા લગ્ન છે. આ લગ્નજીવનથી ફરિયાદીને એક દીકરી નો જન્મ થયો હતો. ફરિયાદી વધુમા જણાવે છે કે તેણી લગ્ન બાદ સુરત મુકામે સાસુ, પતિ, દિયર અને નણંદ સાથે રહેતા હતા. ફરિયાદી વધુમા જણાવે છે કે લગ્ન બાદ ઘરના કામકામ બાબતે આરોપીઓ સાથે બોલાચાલી થતી હતી. ફરિયાદી ૧–૨ વખત બિમાર પડતા પોતાના પિયર આવી ગયા હતા. ફરિયાદી એ પોતાના પિયર આવીને ઘરકામ બાબતે ઝગડા થતા હોવાની વાત તેમના માતા–પિતા ને કરી હતી. ફરિયાદી વધુમા જણાવે છે કે તેણી ને તેમના સાસરી વાળા

તેડવા આવતા ન હોવાથી ફરિયાદ આપી હતી.ફરિયાદીને ફરિયાદની ખરી નકલ દેખાડતા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે. ફરિયાદી જણાવે છે કે આ બનાવ સિવાય બીજુ કાંઇ બન્યુ નથી. આમ ફરિયાદી જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. તેથી ફરિયાદીને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ફરિયાદી એ હકીકતનો ઇન્કાર કરે છે કે લગ્નના ૨ વર્ષ બાદ તેણીને પેરાલીસીસ થતા ખોટી રીતે હેરાન પરેશાન કરવા લાગેલા અને કરીયાવર બાબતે પણ કહેતા કે આના બીજા લગ્ન છે એટલે કરિયાવરમા કાંઇ લાવી નથી, માંદી પડી રહે છે અને કામ કરતી નથી એટલે દવાખાને લઇ જતા નહી. ફરિયાદી એ હકીકતનો પણ ઇન્કાર કરે છે કે તેણી ની તબિયત બગડે ત્યારે આરોપીઓ તેણી ને પિયર મોકલી દેતા હતા અને ફરિયાદી ફરીથી સાજા થાય ત્યારે પાછા લઇ જતા હતા.  ફરિયાદી તે હકીકતનો પણ ઇન્કાર કરે છે કે તેણી થી ત્રાસ સહન ન થતા તેણી એ સુરત મુકામે ફિનાઇલ પીધુ હતુ ત્યારે આરોપીઓ ફરિયાદીને પ્રાઇવેટ દવાખાને લઇ ગયા હતા ત્યારબાદ ફરિયાદી વધુ બિમાર પડતા આરોપીઓ, ફરિયાદીને દવાખાને લઇ ગયા ન હતા. ફરિયાદી તે હકીકતનો પણ ઇન્કાર કરે છે કે તેણીને તેના પતિ એ ગાળો આપી હતી અને અહી થી જતી રહે તેમ કહીને ઝાપટ મારી હતી અને ધારી ની બસમા બેસાડી દીધા હતા. ફરિયાદી એ હકીકતનો ઇન્કાર કરે છે કે તેમને આરોપીઓ સાથે સમાધાન થઇ ગયુ હોવાથી આરોપીઓ ને બચાવવા માટે સોગંદ પર ખોટી જુબાની આપે છે.

આ ફરિયાદમાં જણાવેલી હકીકત પારીવારિક બાબત છે. તેથી ફરિયાદવાળા બનાવની માહિતી ફરિયાદીને અને તેમના પરિવારના સભ્યો ને જ હોય. કોઇપણ ગુનાના ભોગ બનનાર તે ગુનાના મહત્વના સાક્ષી ગણાય. આ ફરિયાદવાળા બનાવના ફરિયાદી જ બનાવના ભોગ બનનાર છે. પરંતુ મુળ ભોગ બનનાર જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. તેથી આરોપીઓ વિરુદ્ધની ન્યાયિક કાર્યવાહી માટે અન્ય સાહેદો ને તપાસવામા આવે તો પણ ન્યાયનો હેતુ સરે તેમ ન હોવાનુ વિદ્વાન એ.પી.પી શ્રી ને જણાયુ હતુ તેથી તેમણે અન્ય સાહેદોને તપાસ્યા નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન [1996**

**(9) SCC 766]** ના ચુકાદામા પ્રસ્થાપિત કર્યુ છે કે

"when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."

આમ આ કેસમા ફરિયાદી જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. વધુમા ફરિયાદી એ અદાલત સમક્ષ સોગંદ પર આપેલી જુબાની પરતી ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક) મુજબના ગુનાના તત્વો સંતોષાતા નથી. વધુમાં ફરિયાદી અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમા આરોપીઓ એ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની હકીકત જણાવતા નથી. જો દલીલ ખાતર પણ એવુ માની લેવામાં આવે આરોપીઓ એ "જાનથી મારી નાખીશુ" તેવા શબ્દો કહ્યા હોય તો પણ તે માત્ર શબ્દો જ હતા કે આરોપીઓ ને ખરેખર તેવો ઈરાદો હતો તે હકીકત પુરવાર થતી નથી. વધુમા ફરિયાદી ખરેખર ભયભીત થયા હોવાનુ પણ પુરવાર થતુ નથી. આમ આ કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાઓ પરથી આરોપીઓ વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો નિશંકપણે સાબિત કરી શકતો નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આથી મુદ્દા નંબર ૬ (અ) નો જવાબ નકારમાં આપીને નીચે મુજબનો આખરી હુકમ કર્યો છે.

૮) **હુકમ**

આ કામના આરોપીઓ (૧) નિતિનભાઈ મુકેશભાઈ મકવાણા, (૨) શારદાબેન મુકેશભાઈ મકવાણા અને (૩) બિપિનભાઈ મુકેશભાઈ મકવાણા તમામ રહે:– મોટા ચારોડીયા, તાલુકો:– ગારીયાધાર, જીલ્લો:– ભાવનગર, હાલ રહે:– અમરોલી રિલાયન્સ સોસાયટી, ચાપરાભાઠા,

સુરત, તાલુકો અને જીલ્લો:– સુરત ના ઓ ને તેમની વિરુદ્ધ આરોપવામાં આવેલા ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ–૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અને ૧૧૪ મુજબના ગુનામાંથી ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ અગાઉ આપેલા જામીન આથી રદ્ધ ગણવામાં આવે છે. આરોપીએ ભારતીય ફોજદારી કાર્યવાહીના કાયદા–૧૯૭૩ ની કલમ–૪૩૭(અ) મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના નવા સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો. આ હુકમ આજરોજ તારીખ ૨૦/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૦/૦૩/૨૦૨૬

સ્થળ– ધારી

(હર્ષદેવસિંહ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯